# માનનીય નાણાંમંત્રીશ્રીનું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય:

પરોક્ષ કરવેરા પ્રણાલીમાં સીમાચિહ્નરૂપ સુધારા તરીકે સમગ્ર દેશમાં તા. ૧લી જુલાઈ, ૨૦૧૭ થી ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ કાયદાનો અમલ થયેલ છે. સરકારની આવકના મુખ્ય સ્ત્રોત તરીકેની પરોક્ષ કરવેરા પ્રણાલીમાં ચીજ-વસ્તુઓ અને સેવાઓનાં Supply Chain માં આવતાં તમામ કરદાતાઓ સહિત તમામ અંતિમ ઉપભોક્તાઓનો હંમેશા અર્થતંત્રમાં ખૂબ મોટો ફાળો રહેલો છે. આ વાતને પુરવાર કરતાં કેટલાંક મહત્વના આંકડા રજૂ કરવાનો મને ખૂબ જ આનંદ થઇ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રાજ્ય સરકારને જીએસટી હેઠળ રૂ. ૬૪,૧૩૨/- કરોડની આવક પ્રાપ્ત થયેલ છે, જે નાણાકીય વર્ષ: ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રાપ્ત થયેલ આવક રૂ. ૫૬,૨૩૬/- કરોડની સરખામણીમાં ૧૪% વધુ છે.

એ વાત જણાવતાં ખૂબ હર્ષની લાગણી અનુભવું છું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ નાં ટોટલ ગ્રોસ જીએસટી કલેક્શનમાં બજેટ અંદાજના રૂ. ૭૨,૫૦૬/- કરોડના લક્ષ્યાંકની સરખામણીમાં ફક્ત ચાર જ મહિનામાં એટલે કે એપ્રિલ થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં (૩૩% આવક) રૂ. ૨૩,૭૦૭/- કરોડનો આંકડો રાજ્ય સરકારે હાંસલ કરી દીધેલ છે.

દેશનાં ગ્રોથ એન્જીન તરીકે ઓળખાતાં ગુજરાત રાજ્યમાં Ease of Doing Business નાં સિદ્ધાંતને ખરા અર્થમાં સાર્થક કરતાં કરદાતાઓના આંકડા રજૂ કરતા મને ખૂબ ગર્વ થાય છે. રાજ્યમાં જીએસટી અમલીકરણ સમયે ૫,૦૮,૮૬૩ જેટલા કરદાતા નોંધાયેલ હતા જેમાં ૧૩૫% ના વધારા સાથે તા. ૩૧મી જુલાઈ, ૨૦૨૪ની સ્થિતિએ કુલ ૧૨,૦૧,૨૭૦ કરદાતાઓ નોંધાયેલ છે.

ગેરરીતિ અટકે તેમજ સાચા અરજદારને ઝડપથી પારદર્શી રીતે નવો નોંધણી નંબર મળી શકે તે આશયથી ગુજરાત દ્વારા GST Seva Kendra (GSK)ની પરિકલ્પના કરવામાં આવેલ. જે અંતર્ગત AADHAR Based Biometric Authentication ને Pilot base ઉપર રોલઆઉટ કરવા માટે ગુજરાત રાજ્યની પસંદગી કરવામાં આવેલ હતી. તા. ૦૭ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ ભારતના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનના વરદ હસ્તે વાપી ખાતેથી ગુજરાતના ૧૨ GSK નું લોકાર્પણ કરવામાં આવેલ. ગુજરાત રાજયમાં કાર્યરત GSK ની અસરકારકતા અને કાર્યક્ષમતાની નોંધ લઇ નવી દિલ્હી ખાતે તા. ૨૨ જૂન, ૨૦૨૪ ના રોજ યોજાયેલ GST કાઉન્સિલની મીટિંગમાં GSK ની અમલવારી સમગ્ર ભારતમાં કરવા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવેલ છે.

જી.એસ.ટી.ના માળખા પ્રમાણે કાયદામાં/નિયમોમાં સુધારો કરવો, કોઇ માલ કે સેવાને કરમુક્તિ આપવી, કરના દરમાં સુધારો કરવો વગેરે સંપૂર્ણ પ્રક્રીયા માત્ર કેન્દ્રનું અને દરેક રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતી બંધારણીય સંસ્થા એવી જી.એસ.ટી. કાઉન્સીલની ભલામણ થકી જ થઇ શકે છે. આમ, આ સમગ્ર પ્રક્રીયા દેશની બંધારણીય શાસનપ્રણાલીનો ભાગ છે. કાઉન્સીલના નિર્ણયો કેન્દ્રીય માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ અને જે-તે રાજ્યોના રાજ્ય માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ હેઠળ સમગ્ર દેશમાં દરેક રાજ્યોમાં એક જ સમયે અને એકસમાન રીતે લાગુ પડે છે. જીએસટી કાઉન્સિલની ૫૦મી બેઠક અને ૫૨મી બેઠકની ભલામણોને આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારાઓ કરવામાં આવેલ. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારાઓ સાથે સુસંગતતા જાળવી રાખવા માટે તેમજ જીએસટી કાઉન્સિલની ભલામણોને અમલી બનાવવા માટે પ્રસ્તુત વિધેયક જરૂરી છે.

"વન-નેશન, વન-ટેક્સ" ના સૂત્રના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારાઓ સાથે ગુજરાત જી.એસ.ટી. કાયદામાં પણ સુધારાઓ કરવાના રહે છે. આથી, જીએસટી કાયદામાં સુધારા કરતાં વિધેયકને હું રજૂ કરું છું.

જી.એસ.ટી. કાયદાના કમ્પ્લાયન્સિસને સુનિશ્ચિત કરવા માટે આ સુધારા વિધેયકથી કેટલીક જોગવાઇઓ કરવામાં આવે છે, જેનાથી હું ગૃહને અવગત કરું છું.

એક જ પાન નંબરના આધારે એકથી વધારે નોંધણી નંબર ધરાવતા વ્યક્તિઓ વતી “ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર” દ્વારા મેળવવામાં આવતી ઇનપુટ સર્વિસિસ અન્વયેની ઇનપુટ ટેક્સ ક્રેડિટની વહેંચણી ISD Mechanism થી જ કરવામાં આવે તેવું સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

તમાકુ, પાન-મસાલા જેવી કેટલીક ચીજ-વસ્તુઓના ઉત્પાદકો કે જેમણે મશીનરીના રજિસ્ટ્રેશન માટે ખાસ પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવેલ છે. જો કોઇ કરદાતા દ્વારા આવી પ્રક્રિયા અનુસરવામાં કસૂર કરવામાં આવે તો તેમની પાસેથી દંડ વસૂલી શકાય તે માટે સુધારો કરવાની દરખાસ્ત છે.

આમ, ગુજરાત જી.એસ.ટી. કાયદાના સુચારૂ અમલીકરણ માટે આવશ્યક તમામ બાબતોને આવરી લેતાં આ સુધારા વિધેયકને ગૃહ સમક્ષ રજુ કરું છું.